દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૬ એપ્રિલ, ૨૦૨૬

# બંગાળમાં હુમાયું કબીર મમતાનો ખેલ બગાડશે કે ‘ખેલા હોબે’નું પુનરાવર્તન થશે

રવિવારે કેન્દ્રીય ચૂંટણીપંચે પાંચ પ્રદેશોમાં ચૂંટણીની જાહેરાત કરી, એ પહેલાં રાજ્યનાં મુખ્ય મંત્રી મમતા બેનરજીએ પૂજારીઓ તથા મુઅજ્જિનોના માસિક માનદ વેતનમાં વધારાની જાહેરાત કરી હતી. મમતા બેનરજીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર લખ્યું, મને જણાવતાં ખુશી થાય છે કે આપણા પૂજારીઓ તથા મુઅજ્જિનોને આપવામાં આવતા માસિક પગારમાં રૂ. 500નો વધારો કરવામાં આવ્યો છે. હવે તેમને દર મહિને રૂ. બે હજાર મળશે. સાથે જ જે પૂજારીઓ તથા મુઅજ્જિનોએ નિયમ મુજબ અરજી કરી હતી, તેને પણ રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. તેમણે વધુમાં લખ્યું, અમને ગર્વ છે કે અમે એવું વાતાવરણ તૈયાર કરી રહ્યા છીએ, જ્યાં દરેક સમુદાય તથા પરિવારની પરંપરાને મહત્ત્વ અને મજબૂતી મળે છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ચૂંટણીપંચે રવિવારે પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તામિલનાડુ તથા પુડુચેરીની વિધાનસભા ચૂંટણી માટે તારીખો જાહેર કરી હતી. આમ તો દેશના ચાર રાજ્યમાં પેટા ચૂંટણી યોજાઇ રહી છે જેમાં દક્ષિણના બે રાજ્યમાં ભાજપ માત્રને માત્ર વોટિંગ પર્સન્ટેજ વધારવાની કોશિશ કરશે ત્યાં તેના માટે કપરા ચડાણ છે. આસામ ભાજપને આસાન ટારગેટ લાગી રહ્યો છે પરંતુ પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને હરાવવી એ ભાજપ માટે નાકનો સવાલ બની ગયો છે. ભાજપના અમિત શાહ અને નરેન્દ્ર મોદીને પણ તેઓ ગાંઠતા નથી અને તેમણે ફેંકેલા દરેક પાસાનો મમતા સબળતાથી જવાબ આપી રહ્યાં છે. મમતા બેનર્જી પણ એકપછી એક પત્તા ફેંકી રહી છે. ભાજપ હિન્દુત્વનો કાર્ડ રમે તે તેમને ખબર હોવાથી પૂજારીનું વેતન વધારવાની જાહેરાત તેમણે કરી દીધી છે. આ પહેલા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા. રવિવારે (29 માર્ચ, 2026) પુરુલિયામાં એક ચૂંટણી રેલી દરમિયાન તેમણે કહ્યું કે ભાજપ લોકોને માછલી, માંસ અને ઈંડા ખાવાથી રોકવા માંગે છે અને એવો પણ આરોપ લગાવ્યો કે તેઓ કોઈ ધર્મમાં વિશ્વાસ કરતા નથી. મમતા બેનર્જીએ એમ પણ કહ્યું કે ભાજપ શાસિત રાજ્યોમાં રમખાણો થાય છે, આદિવાસીઓનું શોષણ થાય છે અને મહિલાઓ પર હુમલા થાય છે. વધુમાં મમતા બેનર્જીએ કહ્યું કે ભાજપના એક મોટા નેતાએ તૃણમૂલ કોંગ્રેસ વિરુદ્ધ ચાર્જશીટ જારી કરી છે, પરંતુ તેમના મતે વાસ્તવિક ચાર્જશીટ ભાજપ વિરુદ્ધ હોવી જોઈએ. ગુજરાતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ત્યાં પહેલા પણ ઘણા રમખાણો થયા છે. મમતા બેનર્જીના આ નિવેદનોથી રાજકીય વાતાવરણ ગરમાયું છે અને વિવિધ પક્ષો આ અંગે પ્રતિક્રિયા આપે તેવી શક્યતા છે. ભાજપ વિરૂદ્ધ માંસ - માછલીની કરેલી વાતને મમતા બેનર્જીનો માસ્ટર સ્ટ્રોક ગણવામાં આવે છે. કારણ કે, માછલી અને ભાત જ બંગાળીઓની ખાણીપીણીની સંસ્કૃતિની ઓળખ છે. શુક્રવારે તેમણે દિનાજપુરની એક રેલીને સંબોધતા કહ્યું હતું કે, જો મતદાર યાદીમાં ઘુસણખોરોના નામ હોય, તો મોદી પણ તેમના મતોથી જીત્યા, તેથી તેમણે પહેલા રાજીનામું આપવું જોઈએ. મમતા બેનર્જીએ જાહેર સભામાં લોકો સમક્ષ મતદાર યાદી સંબંધિત મુદ્દાઓને જોરદાર રીતે ઉઠાવ્યા. તેમણે પ્રશ્ન કર્યો કે 2024 ની સામાન્ય ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાતી સમાન મતદાર યાદીઓને વિધાનસભા ચૂંટણી પહેલા કેમ પડકારવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ માલદા જિલ્લામાં તાજેતરની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો, જ્યાં ન્યાયિક અધિકારીઓને ઘણા કલાકો સુધી ઘેરી લેવામાં આવ્યા હતા. તેમણે આ ઘટના માટે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) અને ઈન્ડિયન સેક્યુલર ફ્રન્ટ (ISF) ને જવાબદાર ઠેરવ્યા, જ્યારે કોંગ્રેસ અને ભાજપ પર તેને ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો. મમતા બેનર્જીએ માલદા હિંસા વિશે વિગતવાર વાત કરી. તેમણે કહ્યું કે મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હરિરામપુરમાં એક રેલીને સંબોધતા, તેમણે આરોપ લગાવ્યો કે ભાજપે તેમને AIMIM પાસેથી ઉછીના લીધા છે અને અહીં લાવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે ISF તેમની સાથે છે. કોંગ્રેસ અને ભાજપે પણ ઉશ્કેરણીજનક તરીકે કામ કર્યું. બેનર્જીએ કહ્યું કે ગુનાહિત તપાસ વિભાગ (CID) એ મુખ્ય આરોપી, વકીલ મોફક્કરુલ ઇસ્લામની બાગડોગરા એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી જ્યારે તે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મમતા બેનર્જીએ કહ્યું કે આ જ લોકો હતા જેમણે માલદાના મોથાબારીમાં હિંસા ભડકાવી હતી. તેમણે ચૂંટણીના આચરણ અંગે વધુ ચિંતા વ્યક્ત કરી, આરોપ લગાવ્યો કે અધિકારીઓની બદલી રાજ્યમાં બહારના લોકોના પ્રવેશને સરળ બનાવવા માટે કરવામાં આવી હતી. તેમણે સુરક્ષા દળો સાથે સંકળાયેલી અનિયમિતતાઓનો પણ દાવો કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે CRPF વાહનોનો ઉપયોગ કરીને પૈસાની હેરફેર કરવામાં આવી રહી છે. મારી પાસે આ પ્રવૃત્તિઓનો રેકોર્ડ છે અને હું યોગ્ય સમયે તેનો ખુલાસો કરીશ. તૃણમૂલ કોંગ્રેસના વડાએ ગૃહમંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધ્યું, જેમણે ચૂંટણી દરમિયાન પશ્ચિમ બંગાળમાં રહેવાની યોજના જાહેર કરી છે. બેનર્જીએ દાવો કર્યો હતો કે તેમની હાજરીથી ભાજપને ચૂંટણીલક્ષી રીતે કોઈ ફાયદો થશે નહીં. તેમણે કહ્યું કે ચૂંટણી દરમિયાન શાહના રાજ્યમાં લાંબા સમય સુધી રહેવાથી, તેનાથી વિપરીત, પાર્ટીના મત હિસ્સામાં ઘટાડો થશે. આમ એક તરફ કેન્દ્રમાં શાસન ધરાવતી ભાજપ સરકારના દિગ્ગજો નરેન્દ્ર મોદી, અમિત શાહ, યોગી આદિત્યનાથ જેવા દિગ્ગજો છે તેની સામે મમતા બેનર્જી ઝીંક ઝીલી રહી છે અને મજબૂત રીતે તેમનો સામનો કરી રહી છે. ગઇ ચૂંટણીમાં તો મમતાનો ખેલા હોબે નારો ચાલી ગયો હતો પરંતુ આ ચૂંટણી પહેલા ભાજપે પણ ખેલા હોબે જેવી સ્થિતિનું નિર્માણ કર્યું છે. આ વખતે હુમાયું કબીર ભાજપ માટે હુકમનો એક્કો સાબિત થઇ શકે તેમ છે. હુમાયુ કબીરની પાર્ટીએ અગાઉથી જ રાજ્યની 182 બેઠકો પર ઉમેદવારો ઉતારવાની જાહેરાત કરી દીધી છે, જેમાં હવે AIMIM પણ ભાગીદાર બનશે. માનવામાં આવે છે કે AIMIM લગભગ 8 બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખશે. કબીરે અત્યાર સુધીમાં 18 ઉમેદવારોની પ્રથમ યાદી પણ જાહેર કરી દીધી છે, જેમાં રાનીનગર, ભગવાનગોલા અને મુર્શિદાબાદ જેવી બેઠકોનો સમાવેશ થાય છે. નોંધપાત્ર છે કે હુમાયુ કબીર પોતે મુર્શિદાબાદ જિલ્લાની ત્રણ બેઠકો - ભગવાનગોલા, નૌદા અને રાજીનગર પરથી ચૂંટણી લડવાના છે. પશ્ચિમ બંગાળમાં બાબરી મસ્જિદના નિર્માણની વાતથી જ તેઓ ત્યાંના મુસ્લિમોમાં લોકપ્રિય બની ગયા છે. જો કે આ ફેક્ટર ભાજપ માટે કેટલું ફાયદાકારક રહેશે તેની પર પણ સૌની નજર રહેશે. જે હોય તે પરંતુ ચાર રાજ્યની ચૂંટણી યોજાઇ રહી છે તેમાં પશ્ચિમ બંગાળની ચૂંટણી ખૂબ જ રસપ્રદ રહેશે કારણ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વણથંભી જીતને રોક લાગી શકે તેવું આ એક જ રાજ્ય છે અને તે મહત્વનું પણ છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### શાળામાં ‘ચાર્જિંગ પોઈન્ટ’ કોલમ વિદ્યાર્થીઓને વાંચી સંભાળવો

ગુજરાતમિત્રમાં આવતી ચાર્જિંગ પોઈન્ટ કોલમ દરેક શાળામાં એસેમ્બલીના સમયે પ્રાર્થના સાથે આ કોલમમાં આવતી ટચૂકડી વાર્તાં શિક્ષકો દ્વારા બાળકોને સંભળાવવામાં આવે તો સંસ્કાર સિંચન કરી બાળકોને જીવન જીવવાની તાલીમ આપવામાં શાળા સહાયરૂપ બની શકે. ગુજરાતમિત્રને અભિનંદન!

**અઠવાલાઇન્સ, સુરત - લીના ખાનસાહેબ**

### અમુક બાબતોમાં સ્ત્રીને થતા અન્યાય

પ્રાચીન સમયથી પુરુષપ્રધાન સમાજમાં નારીને પુરુષથી જગતનો નિયમ છે. હવે નારીને પુરુષની સમકક્ષ જ ગણવામાં આવે છે. પ્રત્યેક ક્ષેત્રે હવે વિકાસ સાધતી થઇ જ ગઇ છે. પરંતુ અમુક બાબતોમાં હજુ પણ નારીને અન્યાય થતો અનુભવાય છે. કોઇ બે વ્યક્તિ વચ્ચે ઝઘડો ચરમસીમાએ પહોંચે અને અપશબ્દો બોલાય ત્યારે આ માતૃલક્ષી અને ભગિનીલક્ષી હોય છે! જે વ્યક્તિને ઉદ્દેશીને અપશબ્દો બોલાય છે ને પણ માતા-અને બહેન હોય જ છે જેમ બોલનાર ને માતા-બહેન હોય! શું ગાલિપ્રદાન અયોગ્ય નથી? જેમાં માતા કે બહેનનો તો વાંક જ નથી હોતો! આપણા અસ્તિત્વ માટે જે માતાનું ઋણ સદાય મસ્તક પર રહેતું હોય એના વિશે કોણ અપશબ્દ સાંભળી શકે? અને વાતેવાતે અપશબ્દ બોલનારાની પણ ખોટ નથી! આ માનસિકતા તો સુધરવી જ જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં સંતાન ન હોય, વિધવા હો એવી સ્ત્રીને ડાકણ સમજીને કયારેક મોતને શરણ કરી દેવાય છે! કયારેય કોઇ નિઃસંતાન પુરુષ કે વિધુર પુરુષને ભૂત સાબિત નથી કરાતો કે નથી સળગાવી દઇ મોતને શરણ કરાતો! કોઇ યુવતી પ્રેમમાં નિષ્ફળ જાય તો કદી કોઇ યુવક પર એસિડ નથી છાંટતી! ભલે એ યુવકે દગો કર્યો હોય. વિ. અનેક બાબતોમાં સ્ત્રી પ્રત્યેની માનસિકતામાં બદલાવ લાવવો જરૂરી. અપવાદ સર્વત્ર છે જ.

**સુરત - નેહા શાહ**

### વિશ્વના યુદ્ધો

વિશ્વ આજે માનવસર્જીત યુદ્ધોથી અને કુદરત સર્જીત યુદ્ધે કલાઈમેટ ચેન્જની બેવડી પરિસ્થિતિ સામે ઝઝુમી રહેલ છે. ત્રાહિમામ ત્રાહિમામ પોકારેલ છે. અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાન પરના માત્ર 12 દિવસના યુદ્ધથી વિશ્વ આજે ઉર્જા કટોકટીથી ભયભીત બનેલ છે. રશિયા-યુક્રેનના પાંચમાં વર્ષમાં પ્રવેશેલા યુદ્ધથી જેટલુ વિશ્વ ભયભીત નહોતુ થયું તેટલુ વિશ્વ આજે અમેરિકા-ઈઝરાયેલ ઈરાનના યુદ્ધથી ભયભીત થયેલ છે જેનું મૂળ કારણ ભંયકર ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવના ગણી શકાય. આ વખતે દેશમાં નવેમ્બર-25થી વાતાવરણમાં કોઇ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ એકટીવ થયુ નથી તેના કારણે ઠંડક લાંબા સમય ટકી નહી અને ગરમી શરૂ થતા જ માર્ચ મહિનાથી 40-42 ડીગ્રીનો પારો પહોંચી ગયો. હીટવેવની ચેતવણી અત્યારથી ચાલુ થયેલ છે દેશના હવામાન ખાતાની આગાહી પ્રમાણે આ ઉનાળો આકરો રહેવાનો છે.

આકરી ગરમીને કારણે લૂ લાગવાની ઘટનાઓ પણ વધવાની છે. આ વખતે જૂન મહિનો પણ ગરમ રહેવાની શકયતા છે. જૂન મહિનામાં અલનીનોની સ્થિતિ સર્જાય તેવું લાગી રહ્યું છે જેના કારણે ચોમાસામાં વરસાદ પણ ઓછો થવાની શકયતા છે. આમ ગરમી વધારે અને વરસાદ ઓછાની સ્થિતિ અને ઉપરથી યુદ્ધો જીવન હરામ કરનારી બની રહેવાની છે. એમાય જો જળસંકટ ઉભુ થાય તો પરિસ્થિતિ નાગરિકોને વધુ ગંભીર બનાવશે. અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાનના યુદ્ધમાં આજે વિશ્વ જમાદાર અમેરિકા ફસાઇ ગયું હોય એમ ઘટના ક્રમો જોતા લાગે છે. યુદ્ધમાં સંડોવાયેલ દેશોના નેતાઓની વ્યકિતગત મહત્વકાંક્ષાઓ અને અથડામણોને કારણે માત્ર યુદ્ધ અસરકર્તા દેશોને જ નહીં પણ વિશ્વના અનેક દેશોને પણ અસર થયેલ છે, અસર થનાર છે. આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યુદ્ધ સંદર્ભે તાજેતરમાં યોગ્ય જ જણાવેલ છે કે દરેક સમસ્યાનો ઉકેલ લશ્કરી કાર્યવાહી નથી. નિયમ, કાયદો વાટાઘાટો અને કૂટનીતિથી વિશ્વના દરેક પ્રકારના સંઘર્ષનો ઉકેલ લાવી શકાય એમ છે. આ યુદ્ધ રોકવા માટે યુનોએ, વિશ્વ જમાદાર અને વિશ્વની જુની લોકસાઇ અમેરિકાએ, અને વિશ્વનું શાંતિ ચારક અને વિશ્વની મોટી લોકસાઇ ભારતે એમ ત્રણેય સાથે મળીને વિના વિલંબે વિશ્વ નષ્ટ ન થાય (ત્રીજા વિશ્વયુદ્ધ)તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવાની જરૂર છે.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

### માનવજાત માટે ખૂબ જ ઘાતક પુરવાર થઈ શકે છે

1938 થી 1945 સુધી ચાલેલું બીજું વિશ્વયુદ્ધ વિનાશક તબાહી છતાં અટકતું ન હતું. 6 ઓગસ્ટ 1945 ના રોજ અમેરિકાએ હિરોશિમા શહેર પર ફેંકેલો અણુબોમ્બ અને 9 ઓગસ્ટ 1945 ના રોજ નાગાશાકી પર બીજા અણુબોમ્બથી હુમલો કરતાં જાપાનની ખૂબ જ ભારે તબાહી થઈ હતી. લગભગ એક લાખ એંસી હજાર માણસો માર્યા ગયાં હતાં. તેને કારણે જાપાન તરત જ યુદ્ધવિરામ કરી શરણે આવી ગયું હતું અને તે સાથે જ બીજા વિશ્વયુદ્ધનો અંત થયો હતો. રશિયા યુક્રેનનું યુદ્ધ છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહ્યું છે અને હવે ઈઝરાયેલ, પેલેસ્ટાઇન અને હવે ઈઝરાઈલ અને અમેરિકા ભેગાં મળી ઈરાન સાથે યુદ્ધો લડી રહ્યાં છે. સતત થઈ રહેલા બોંબમારાની ગરમીથી વૈશ્વિક વાતાવરણ બદલાયું હોય તેવું પ્રતીત થાય છે કે મોસમી માવઠાં વરસાદ કે અચાનક હિમવર્ષા થવી તે માનવજાત માટે ખૂબ જ નુકસાનકારક પુરવાર થાય તેવી પૂરી શક્યતા છે. બદલાયેલા વાતાવરણથી ખાદ્ય સામગ્રીની પેદાશ ઘટતી જશે. તેનાથી દુકાળ જેવી સ્થિતિ થઈ શકે છે. વૈજ્ઞાનિકો વર્ષોથી ગ્લોબલ વોર્મિંગની ચેતવણી આપતા આવ્યા છે. તે હવે ખૂબ જ ઝડપથી આકાર લઈ રહી છે. જો આ યુદ્ધો ના અટકે અને જો આ યુદ્ધમાં અણુબોમ્બનો ઉપયોગ થશે તો પછી વૈશ્વિક ખતરનાક વાતાવરણનો આપણે સામનો કરવો પડશે જે માનવજાત માટે ખૂબ જ ઘાતક પુરવાર થઈ શકે છે.

**સુરત - વિજય તુઈવાલા**

### ઈંડકશન એક માત્ર વિકલ્પ

આપણા ભારતદેશમાં રોજ રસોઇ બનાવવાનો રિવાજ છે. એટલે જ રસોડાને ઘરનું હૃદય કહેવામાં આવે છે. પરંતુ ઘણીવાર રસોઇ પ્રદુષિત જગ્યાએ બનાવવામાં આવે ચે. અને એથી જ રસોડામાં રસોઇ કરતી વખતે હવામાં ધુમાડો ભળતાં પ્રદુષણ ફેલાયછે. ગેસ હોય કે પછી કેરોસીનથી ચાલતો સ્ટવ હોય આ દરેક સાધનો વડે રસોઇ બનાવાય છે. અને હવા પ્રદુષિત થતી હોય છે. આજે જયારે આપણા દેશમાં ગેસની અછત ઊભી થઇ છે ત્યારે આપણે ભારતિય રસોઇને વીજળીમાં રૂપાંતરિત કરવાની યોજના પણ ગંભીર રીતે વિચારવી જોઈએ. દાયકાઓથી બનતી રસોઈમાંથી ગરની અંદરનું વાયુ પ્રદૂષણ લાખો લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી રહ્યું છે. એક સંશોધન મુજબ રસોઇ વડે સંબંધિત પ્રદુષણ અસ્થમા, ફેફસાના ક્રોનીક રોગ, હૃદયરોગ ત્વચા અને બીજી અનેક શારીરિક સમસ્યાઓ જેવા રોગ ઉદ્દભવે છે. જયારે ઈલેકટ્રીક રસોઇ એલપીજી ગેસ કરતા વધુ ઉર્જા બચત કરે છે અનેક શારિરિક સમસ્યાઓ જેવા રોગ ઉદ્દભવે છે. જયારે ઈલેકટ્રીક રસોઇ એલપીજી ગેસ કરતા વધુ ઉર્જા બચત કરે છે અને આ ઉર્જા સીધી વાસણ સુધી જ પહોંચે છે જેમ જેમ ભારત સૌર અને પવન ઉર્જાનો વિસ્તાર કરી રહ્યું છે. તેમાં વિજળીનો ખર્ચ વધુ સ્થિર અને સ્પર્ધાત્મક બની શકે છે. રૂફટોપ સોલાર સિસ્ટમો પણ ઈલેકટ્રીક રસોઇને સમર્થન આપી શકે છે. આમ જોવા જઇએ તો ઈંડકશન દ્વારા રસોઇ કરવી ભવિષ્યમાં ફાયદાકારક રહેશે.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

# મુક્તકોના રાજ્યમાં, રાજન (ભટ્ટ)




સુરત શહેરમાં વિવિધ ક્ષેત્રમાં, ખાસ કરીને સાંસ્કૃતિક બાબતોમાં એક્ટિવ નામોમાં સમાય એવા રાજન ભટ્ટને આયોજક, સંપાદક અને સાહિત્યપ્રેમી તરીકે સૌ કોઈ જાણે છે. તેઓ કવિ પણ છે. છંદોના જાણકાર અને સજ્જ એવા ભાવક છે એમ કહેવા પાછળનું કારણ કદાચ એમણે પોતે જ આપ્યું છે. બહુ જ ઓછી માત્રામાં સર્જન સાથે સંકળાયા છે. બહુ મોડે મોડે તેઓ મુક્તક સંગ્રહ ‘બારી ઉઘાડી છીપ’ની લઈને આવ્યા છે. જો કે, પાંચેક દાયકાથી કવિતા લખતા રહ્યા છે એવું નિવેદનમાંથી સ્પષ્ટ થાય છે.

આ સંગ્રહનું પ્રાગટ્ય બહુ જાણીતા કવિઓ, સર્જકોની હાજરીમાં સુરત ખાતે થયું હતું. તેથી સ્વાભાવિક જ આપણને ખૂબ મૂલ્યવાન હોય એમ મુક્તક નાની કૃતિ હોય છે પણ મોટી અસર ઊભી કરે છે. (લેખ- કિરણસિંહ ચૌહાણ)

આ ગ્રંથમાં મુક્તક શતક છે. એટલે કે રાજન ભટ્ટે સો મુક્તક સમાવ્યાં છે. ભારતમાં મુક્તકોની પરંપરા જૂની છે. ચાર પદની, છ પદની નાનકડી રચનાઓ એકદમ ક્ષણ ઝબકાર કરીને ભાવકચિત્તને આલોકિત કરે છે. મુક્તકો વર્ણનાત્મક હોય, ક્યારેક કશુંક દૃષ્ટાંત રજૂ કરે, જીવનમર્મનો સ્ફોટ કરનારી આવી પદ્યકણિકાઓ આપણાં ચિત્ત પર અસર કરનારી હોય છે. અર્વાચીન સમયગાળો શરૂ થયો એ ગાળામાં હડુલા, પાંચિકડા જેવા લઘુરૂપોમાં કટાક્ષ, નર્મ-મર્મ

**ભારતમાં મુક્તકોની પરંપરા જૂની છે. ચાર પદની, છ પદની નાનકડી રચનાઓ એકદમ ક્ષણ ઝબકાર કરીને ભાવકચિત્તને આલોકિત કરે છે**

અને મૂલ્યનિરૂપણનું વહન કરતાં પદ્યરૂપો આપણને મળે છે. ગઝલને આરંભે મુક્ત શેર રજૂ કરવાનીય પરંપરા રહી છે. મૂળ રચનાથી અલગ પડતો તેજઝબકાર દાખવતાં મુક્તોમાં કવિ જો સશક્ત પ્રતિભા ધરાવતો હોય તો પોતાને યોગ્ય એવો શમા બાંધી લેતો હોય છે. બરકત વિરાણીથી માંડીને આજનાં અનેક ગઝલકારોની નિપુણતા એમાં જોઈ શકાય છે. સુરેશ દલાલે અદ્ભુત એવાં મુક્તકો આપીને ભાવકચિત્ત પર રાજ કરેલું- એનું સ્મરણ થાય છે. રાજન ભટ્ટ પોતાનું કવન આ સ્વરૂપ પર કેન્દ્રિત કરે છે.

આ સંગ્રહની રચનાઓમાં રસ પડે. જાણીતા કવિ કિરણસિંહ ચૌહાણ એમના વિશે લખે છે- ‘કવિતા તો તેઓ છેલ્લાં પચાસ વરસથી લખે છે. મોટા ભાગે સંસ્કૃત વૃત્તોમાં રચાયેલાં એમનાં સોનેટ કાવ્યો અને અછાંદસ કાવ્યો ક્યારેક કોઈ સામયિકમાં કે કોઈ દૈનિકપત્રમાં ક્યારેક જોવા મળી જતાં પણ છંદોની આટલી સારી સમજ હોવા છતાં એમણે ઢગલાબંધ સર્જન કરવાનો મોહ નથી રાખ્યો. પોતે કાવ્યપાઠ કરતાં કરતાં વિવિધ સાહિત્યિક આયોજનો દ્વારા એમણે અન્ય કવિઓની પ્રસ્તુતિ ખૂબ દિલથી માણવાનો અને અન્યોને પ્રોત્સાહિત કરવાનો જ અભિગમ રાખ્યો છે. વાત કરીએ આ મુક્તક સંગ્રહની. જેનું નામ છે ‘બારી ઉઘાડી છીપની’. બારી જાતે ઉઘડી નથી પણ ઉઘાડવામાં આવી છે. એ ઉઘાડવામાં આવી એ જ કવિકર્મ છે. જાતે ઉઘડે તો એ પ્રકૃતિકર્મ ગણાય. અને છીપની બારી જ કેમ ? કારણ કે છીપમાં મોતી છે. એ મોતી પાસે અજવાળું છે. એ અજવાળું વ્યક્ત કરવા માટે રાજનભાઈએ મુક્તકો જ કેમ લખ્યાં? કારણ કે મુક્તકનો અર્થ થાય છે મોતી. મોતી નાનું હોય પણ

કપિલદેવ શુક્લ લખે છે- ‘નિઃશબ્દ જ્યારે શબ્દ સ્વરૂપે અભિનીત થાય, અકથ્ય જ્યારે કથ્ય બનીને વિલસે અને હોવું જે ક્ષણે હોવાની અભિવ્યક્તિ શોધે, ત્યારે શું શું થાય...? થઈ ગયેલું અને થઈ રહેલું આકારિત અને સાકારિત કેવી રીતે થાય એ મનોયત્ન ઘૂંટ્યું છે, અહીં રાજન ભટ્ટે. પોતાની




ઓળખ આપવા તો પછી, પરંતુ પહેલાં પોતિકી ઓળખ પામવા માટે મિત્રે લેખણ અહીં લેખે લગાડી છે.હા, ભલે આજે પચાસ વર્ષો થઈ ગયાં છે એ પાત્રો કે નાટકોને છતાં સક્ષમ અભિનેતામાં છૂપાઈને બેઠેલો એવો જ કવિ ધીરે ધીરે પ્રગટ થવા પ્રયત્ન કરે ત્યારે સંવેદન તો સરખું જ રહે ને? બસ અન્ય સાથેના સંવાદને સ્થાને સમયે સમયે રચાય સ્વ-સંવાદ, નાટ્યકારને રંગમંચ બની જાય કવિતાનાં કોરાં પાનાં...નર્મદનાં ડાંડિયો સહિત 56થી વધુ પ્રકાશનો સંકલિત કરવાની અનુભવસિદ્ધિ છે. 24થી વધુ કોફી ટેબલ બુકનું લેખન-સંપાદન-પ્રકાશન કર્યું છે.’ (કપિલદેવ શુક્લ)

કેટલીક રચનાઓ જોઈએ-

કવિ પોતાના અતૂટ વિશ્વાસને ફરી ફરીને જાણે દૃઢાવવા મથે છે ને કહે છે-

વિશ્વ આખું એના બાહુપાશમાં છે,  
છે પવન એનો, જે તારા શ્વાસમાં છે.  
છૂટવા શાને કરે છે ધમપછાડા?  
શાંતિ બસ એના ઉપર વિશ્વાસમાં છે!

એ જ રીતે સર્વસામાન્યજનમાં વ્યાપ્ત એવા તત્ત્વજ્ઞાનને પોતાની રચનાઓમાં આ રીતે ગૂંથે છે-

ક્યાં સુધી આકાશને જોતો રહીશ...? શૂન્યમાં તું શૂન્યને પ્રોતો રહીશ...? દૃષ્ટિ કર તારા જ અંતરમાં જરા, નહીં તો આમ જ હર જનમ ખોતો રહીશ!

આ પ્રકારે જ્ઞાનના સ્તરે જીવનને જોનારા આ કવિ પોતાની અંગત એવી અનુભૂતિને જ્યારે મુક્તકમાં મૂકે છે ત્યારે સચ્ચાઈનું એક અંકુર ફૂટતું જણાય છે. એમાં આછી અમથી લકીર આપણને અજવાસની અનુભૂતિ કરાવે છે.

ના કશો અફસોસ જીવનમાં રહ્યો,  
લૂ સ્વીકારી, શીત ઉપવનમાં રહ્યો।  
આભ, ધરતી ને આ આખા વિશ્વથી।  
સાવ અળગો થઈને ચિંતનમાં રહ્યો.

આ અળગાપણું તો એમનાં સ્વભાવમાં હોય તેમ જણાય છે. બીજાને આગળ કરીને પોતે માર્ગ કરી દેવાનો સ્વભાવ ધરાવતા આ કવિ સ્વયં સ્વીકારે છે.


સ્નેહીના સર્વાંગી ઉત્કર્ષે રહ્યો,  
તે છતાં કાયમ હું નેપથ્યે રહ્યો।  
અન્યનાં સુખમાં જ પામ્યો સુખ સદા।  
તેથી હું મોભીના શિરપાવે રહ્યો...!

આ મુક્તક શતકમાં વિષયોનું વૈવિધ્ય સારું એવું છે. રોજિંદી ઘટમાળ, આવતી આપત્તિઓ, વ્યવહારો, સર્વસામાન્ય એવી જિંદગીના પ્રશ્નોથી માંડીને અંગત સ્તરે જન્મતી લાગણીઓ એમાં વિષયો બનીને ગૂંથાય છે. જુઓ- છાતીમાં થોડાં તાજાં કંઈ શ્વાસ ભરી દો। પીડામાં જીવાશે એ વિશ્વાસ ભરી દો। તીવ્ર વેદના વચ્ચે સંવેદનના સૂરો। તનમનમાં સુખનો ઇશ્વર અહેસાસ ભરી દો...- આ રીતે મુક્તકોમાં મોટા ભાગે સીધું, સરળ અને અભિધાસ્તરે વિસ્તરણ કરતા રહે છે.

સરળ અને સહૃદયી એવા રાજન ભટ્ટની પાસે મોંઘી મૂડી સમાન મિત્રો છે. કલાઓના રસિક, આયોજનો કરવામાં એક્કા અને દિલ ફાડીને પ્રેમ કરનારાં મિત્રો છે અને એમના પ્રતિભાવોમાં એ બધું છલકાતું અનુભવાય છે. આ મુક્તકો વિશે મુકેશ વૈદ્ય, રમેશ પટેલ, કિરણસિંહ ચૌહાણ, નરેશ કાપડીઆ, મીનાક્ષી ભટ્ટ વગેરેએ લખ્યું છે. એક માણસ પાસે આનાથી મોટી સમૃદ્ધિ કઈ હોઈ શકે? મુક્તકો જેવો મબલખ આનંદ પામતાં રહો એવી શુભેચ્છાઓ.

**બારી ઉઘાડી છીપની (મુક્તકસંગ્રહ) રાજન ભટ્ટ, પ્ર.આ. 2025, પ્રકા. શુભ સાહિત્ય, ચંદનઘર, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત- 395001, કિ. 275.00, પાકું પૂંઠું)**

# આદિ સંસ્કૃતિની આદમકથાઃ છિલુગરી




અંકલેશ્વરમાં આવેલી એક કોલેજમાં કાર્યરત એવા શ્રી જયશ્રી ચૌધરીએ અગાઉ કેટલીક નોંધપાત્ર એવી વાર્તાઓથી અભ્યાસીઓનું ધ્યાન ખેંચેલું. હવે એ દળદાર નવલકથા લઈને આવ્યાં છે. તેઓ નિવેદનમાં આ નવલકથા વિશે લખે છે- ભૂતકાળ, અતિભૂતકાળ અને વર્તમાનકાળ વચ્ચેનો સંઘર્ષ સમયના પ્રવાહમાં અહીં દર્શાવ્યો છે. કવાડિયા પર્વત- છિલુગરીની તમામ ઘટનાઓનો સાક્ષી છે. તે આ નવલકથાનો કથક છે. તેને એક જીવંત તત્ત્વ છે એમ માનીને નવલકથા તેના મુખે રજૂ કરવામાં આવી છે. નવલકથાની ગુણવત્તા તેની ટેક્નિક છે...આ નવલકથામાં જે સમયના ગર્ભમાં છે, તેમાં કથાવસ્તુ પાછળ જાય છે. ભૂતકાળનું ખનન કરવામાં આ ટેક્નિક ઉપયોગી નીવડી છે. જે રીતે પ્રાગૈતિહાસિક કાળના ઉત્ખનન દ્વારા એક જીવિત ઈતિહાસ આપણી સમક્ષ પ્રગટ થાય છે, તે રીતે એક જીવતા ઇતિહાસમાં પ્રવેશ કરવામાં અહીં સફળતા મળી છે.એ જ દિશામાં પ્રારંભથી જ એક આધુનિક પ્રગતિઆંક એમાં જોઈ શકાય છે. આ ઉપરાંત હૃદયસ્પર્શી વર્તમાનકાળ છે, એ જ રીતે ગોલ્ડન રીચ મોમેન્ટથી ભરપૂર ભૂતકાળને પણ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે અને આ બે સમયગાળાની વચ્ચે જે ઘટનાઓ બની છે, એ સમયનું એકત્રીકરણ વિવિધ ટેક્નિકથી નવલકથામાં થયું છે. જે આ નવલકથાને બીજાથી એ રીતે અલગ પાડે છે. કથનવિશ્વને પણ અલગ રીતે સંચાલિત કરવામાં આવ્યું છે. સ્થળનો મહિમા તો આ નલવલકથામાં છે જ પણ સ્થળના ભૂતકાળને સ્પષ્ટ કરવા માટે ઐતિહાસિક તથ્યો, દંતકથા, લોકગીતો, લોકકથા, લોકવિદ્યા, લોકમાન્યતા, ધારણાઓ, પરંપરાગત વિધિવિધાન ઇત્યાદિનો આધાર લેવામાં આવ્યો છે. આ રીતે, એક આધુનિક કૃતિ એક જુદા ઉજ્જવળ ઇતિહાસને રજૂ કરે છે. (નિવેદન. પૃ. 6)

છિલગુરી નવલકથાનો સૌથી મોટો વિશેષ એ છે કે દક્ષિણ ગુજરાતમાં વસતી આદિવાસી પ્રજાની આ પહેલી, વ્યાપક અને ખરા અર્થમાં જનપદને આલેખતી નવલકથા છે. આપણા વિદ્વાન વિવેચક ભરત મહેતાએ આ કથાની પ્રસ્તાવના લખી છે. એમણે વિગતે આ નવલકથાને તપાસી છે . એમનાં નિરીક્ષણો જોઈએ- નવલકથાના જે વિવિધ પ્રતિમાનો છે એમાંનું એક પ્રતિમાન છે. પ્રાયોજિત નવલકથા (Projected Novel). ગુજરાતીમાં આનો સબળ નમૂનો ગ્રામલક્ષ્મીમાં રમણલાલ દેસાઈએ પૂરો પાડ્યો હતો. પ્રાયોજિત નવલકથાનું આદર્શજગત પાત્રોના આંતરજીવનને નજરઅંદાજ કરતું હોય છે. પાત્રો-પાત્રો વચ્ચેના સંબંધો, સંઘર્ષો એ વખતની માનસિક સ્થિતિઓ જે નવલકથાનું સર્વાધિક મહત્ત્વનું પરિમાણ છે. જેને જ અહીં પડકાર્યું છે. અહીં કથા જેટલી બહાર ફેલાય છે એટલી ઊંડે ઊતરતી નથી. બહારનો ફેલાવો એટલો બધો છે કે લેખિકાને સર્વ દસ્તાવેજો અંકે કરી લેવા છે. વિધિ-વિધાનો, તલાવારબાજી જેવી રમતો, વાજિંત્રો, નૃત્યો, ડાકણ અંગેની માન્યતાઓ, ઘરેણાઓ, ખોરાક, આદિવાસી વિસ્તારમાં ઇસાઈ–પારસીઓનું આગમન, ધર્માંતરણ અને દારૂ-તાડીની બદી આ બધેબધું આવરી લેવું છે. વસાવી, ગામીત, કોંકણી, ડાંગી, ઢોડિયા, કોટવાળિયા, રાઠવી, ચૌધરી, વિવિધ આદિવાસી ભાષાઓમાં જ વર્ણન-સંવાદ ચાલે છે. તેથી નવલકથાના અંતે શબ્દોની અર્થ સહિત યાદી પણ આપી છે. એ અર્થમાં આ નવલકથાએ આદિવાસી અસ્મિતાનો દસ્તાવેજ અંકે કર્યો છે. દસ્તાવેજ તરફથી નવલકથા ભણી આ રચના એના રૂઢ અર્થમાં જતી નથી. બલકે આદિવાસી નવલકથાના નવા માપદંડોની માંગ ઊભી કરે છે. નવલકથાનું સ્વરૂપ જે વ્યક્તિવાદના ઉદયનું સંતાન છે તેને સાવ સામા છેડે જઈને અહીં આલેખન થતું હોય છે.- (પ્રસ્તાવના લેખ)

આ વિધાન સાથે પૂર્ણ સહમત થઈને કહી શકાય કે કથારસ ભલે પાતળારૂપે મળતો હોય પણ એમાં જે ગણાવ્યા તે તે આદિવાસી સમાજ સાથે જોડાયેલાં પાસાંઓ છે એનું દસ્તાવેજીકરણ થયું છે એ મોટી ઉપલબ્ધિ. આપણે ત્યાં આદિવાસી લોકજીવન તો સદીઓથી ધબકે છે, એમાં વ્યાપેલ કથાઓ, ગીતો, કલા-કારીગીરીનો પરિચય અનેક સંશોધકો દ્વારા ક્રમશઃ થવા લાગ્યો છે એનો આનંદ. જો કે, આ પ્રયાસો આરંભના છે એટલે એમાં કેટલીક મર્યાદાઓ રહી જવા પામતી હોય છે પણ જ્યારે સર્જકો પણ એ દિશામાં સક્રિય થયા છે ત્યારે એક આખું સામાજિક અને સાંસ્કૃતિક જીવન આ રીતે કૃતિરૂપ ધારણ કરે ત્યારે વાત કંઈક જૂદી જ બને. એમાં પણ બધું સમાવીને કહી દેવાની અધીરાઈ જરૂર દેખાય છે પણ એ તો રહેવાનું. વધારે ને વધારે કૃતિઓ સર્જાશે તેમ તેમ નિજી રૂપ ધારણ થશે એવી આશા જરૂર બંધાય છે. આ કૃતિએ મુખ્ય પ્રવાહના વિવેચકો, સુજ્ઞ વાચકોનું ધ્યાન ખેંચ્યું છે એનો આનંદ છે. બોલીનો ઉપયોગ, અનેક પ્રકારની જરૂરી અને ક્યારેક બિનજરૂરી લાગતી માહિતીઓનું વણી લેવું, દીર્ઘસૂત્રીપણું અને અકારણ આવતો અહોભાવ આ કૃતિની મર્યાદા બને છે. બોલી અને અનેક એવી બાબતો છે જેને સમજવા માટે કૃતિને અંતે આપવામાં આવેલ શબ્દાર્થો અને નામો સુધી જવું પડે છે, એ શ્રમસાધ્ય જરૂર છે. આવકારું છું.

**(છિલુગરી(નવલકથા) લે. જયશ્રી ચૌધરી, પ્ર.આ. 2025, પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, 102, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, અમદાવાદ- 380006, કુલ પાનાં- 407, કિં. 510.00 કાચું પૂંઠું, ડેમિ)**